વેલેન્ટાઈન ડે - પ્રેમની અભિવ્યક્તિનો દિવસ.... ઉંમર, જ્ઞાતિ, સમાજ, સંબંધની સીમાઓથી પર રહી માત્ર નિર્મળ પ્રેમની અભિવ્યક્તિ એટલે વેલેન્ટાઈન-ડે આજના દિવસની ઉજવણી પૃથ્વી પરનો પ્રત્યેક માનવી કરે એવી ભાવના સંત વેલેન્ટાઈનની હતી. પરંતુ વર્તમાનમાં સંતની ભાવનાને તોડી-મરોડી ઉજવણીને એક નવું જ સ્વરૂપ અપાઈ ગયું છે અને માત્ર પ્રેમીઓ વચ્ચે ગીફ્ટ, કાર્ડ અને કેકના માધ્યમ દ્વારા ઉજવણી કરાય છે... સ્વરૂપ બદલાયું છે, અર્થ બદલાયો છે, વ્યવહાર બદલાયો છે. મૂળભૂત હેતુ અને હાર્દથી જોજનો દૂર વેલેન્ટાઈન-ડેને લઈ જવાયો છે. અત્યારે તો ઉજવણીમાં તો માત્ર છીછરાપણું, દેખાદેખી અને દાંભિકતા વધતી જાય છે... તો આવો આજે સંકલ્પ કરીએ કે ખરા અર્થમાં વેલેન્ટાઈન-ડે ઉજવીએ.... **(તસવીર : દિપક જાની)**

સાબરમતીના તટે પંચામૃત ભવન

જળ, રક્ષા, જન, ઉર્જા અને જ્ઞાનશક્તિ આધારિત સંગ્રહાલયખંડો ઉપરાંત પંચામૃત પાર્ક બનશે : પ્રથમ તબક્કામાં ૪૦ એકરમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૩

સાબરમતી નદીના તટ પર ૧૪૦ એકર જગ્યામાં પંચામૃત ભવનના નિર્માણ નિર્માણ માટે ડીઝાઈન તૈયાર કરી દેવાઈ છે. જળ, રક્ષા, જન, ઉર્જા અને જ્ઞાનશક્તિ તેમજ વિકાસના પાંચ મુખ્ય ક્ષેત્ર પર આધારિત ભવનમાં પંચામૃત વિચારધારા પર આધારિત મ્યુઝિયમ ઉભું કરાશે. અંદાજિત રૂ. ૧૦૩ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ ભવન વિકાસના પરિણામ સાથે મુલાકાતીઓ માટે જ્ઞાન અને મનોરંજનનું સ્થળ બનશે. આગામી ટુંક સમયમાં પંચામૃત ભવનનું કામ શરૂ કરવા ટેન્ડરપ્રક્રીયા હાથ ધરાશે.

'જ' માર્ગ નજીક સાબરમતી નદીના તટ પર પંચામૃત ભવનના નિર્માણ માટે કામ હાથ ધરવા તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવાઈ છે. ૧૪૦ એકરમાં પાંચ મુખ્ય સંગ્રહાલય ખંડોનું નિર્માણ કરવામાં આવશે. પંચામૃતભવનને અનુલક્ષી પ્રદર્શન ખંડોનું નિર્માણ કરાશે. જ્યારે બહારની જગ્યામાં લેન્ડ સ્કેપીંગનું કામ હાથ ધરાશે. આ ઉપરાંત વિશેષરૂપે લાઈટ એન્ડ સાઉન્ડ પ્રદર્શન પણ તૈયાર કરવામાં આવશે. ભવનના સંકુલમાં બગીચા સહિત ખાણી-પીણીના સ્ટોલ્સ પણ ઉભા કરાશે. જ્યારે પ્રદર્શન અને સંગ્રહાલય ખંડોને વિશાળ કોરીડોરથી જોડવામાં આવશે. જ્ઞાન શક્તિ આધારિત ભવનમાં પુસ્તકાલય બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ૪૦ એકરમાં કામ હાથ ધરવાનું આયોજન કરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં પંચામૃત પાર્કનું નિર્માણ કરવામાં આવશે. મહાત્મા મંદિર ગાંધીજીના આદર્શોની પ્રેરણા સચિવાલય સંકુલ પુરુષાર્થ અને આગળ નિર્માણ પામનાર પંચામૃત ભવન વિકાસનું પરિણામ દર્શાવતું કેન્દ્ર બનશે. નદી કીનારા વિસ્તારનું મહત્વનું પ્રવેશદ્વાર બનનાર પંચામૃત ભવન શહેરી તેમજ ગ્રામ્યજનો સહિત દેશ-વિદેશના મુલાકાતીઓ માટે જ્ઞાન અને મનોરંજનનું સ્થળ બની રહે તેવા પ્રયાસો હાથ ધરાશે.

...ને ખબર પડી કે આ તો મારો જ દિકરો છે..!!

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક વાવોલ રેલવે ટ્રેક પર ગઈ કાલે

વાવોલ રેલવે ટ્રેક પર 'ગરીબ રથ' નીચે યુવાન કપાઈ ગયો : ધડથી અલગ થઈ ગયેલું માથું દોઢસો મીટર દુર જઈને પડયું : અજાણ્યા યુવાનના મૃતદેહના કપડા ફંફોસતા પોલીસને મળેલો મોબાઈલ જોઈને ૩ કલાકથી બોડી સાચવીને બેઠેલા રેલવેના કર્મચારીને ખ્યાલ આવ્યો કે પોતાનો જ દિકરો હતો

રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં 'ગરીબ રથ'ના ટાયર નીચે એક ૨૫ વર્ષીય યુવાન કપાઈ ગયો હતો. રેલવેના કર્મચારીને આ બનાવની જાણ થતા તે બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને આશરે દોઢસો મીટર ધડથી દૂર માથું પડેલું મળી આવતા શરીરના બંને ભાગ ભેગા કરીને પોલીસને બોલાવી લીધી હતી. બનાવની કરૂણતા કરતાં પણ વધુ કંપાવી નાંખે તેવી બાબત એ હતી કે રાત્રે ઘટના બાદ ત્રણ કલાક સુધી મૃતદેહને સાચવીને બેસેલા રેલવેના કર્મચારીને પોલીસ તપાસમાં મૃતકના કપડા ફંફોસતા મળેલા એક મોબાઈલ બાદ જાણ થઈ કે જે લાશને તે અજાણ્યા યુવાનની સમજીને સાચવી રહ્યા હતા તે તો પોતાનાં જ દિકરાની નીકળી!! રેલવે પોલીસે ગુનો નોંધીને આઘાતમાં સરી

● અનુસંધાન પાન-૭ પર

૧૦૦ કર્મચારીઓ તાલિમમાં ગેરહાજર રહેતાં તંત્ર દ્વારા નોટીસ ફટકારાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ફરજો માટે ૧૦૦ જેટલા કર્મચારીઓ આજે તાલિમમાં ગેરહાજર રહેતા જિલ્લાતંત્રએ આ કર્મચારીઓને નોટીસ ફટકારવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ કર્મચારીઓને આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં રૂબરૂ મળી ખુલાસો કરવા જણાવાયું છે કે જો આ બાબતમાં કોઈ ચૂક થશે તો તેવા કર્મચારી સામે રાષ્ટ્રીય કામગીરીમાં બેદરકારી દાખવવા બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લાતંત્રએ તાલિમ માટે આજે બે તબક્કે બેઠકો યોજી હતી. આ સૂત્રોના જણાવ્યાનુસાર તંત્રએ આજે કડક વલણ અખત્યાર કરવાનો નિર્ણય લેતાં કર્મચારી આલમમાં સોપો પડી જવા પામ્યો છે.

આજે સાંજે પાંચ વાગે ચૂંટણી અધિકારી શ્રી આર.પી. ભાટી અને શ્રી તુવાર આ કર્મચારીઓને રૂબરૂ સાંભળશે. આ કર્મચારીઓને આજે મોડી સાંજથી નોટીસોની બજવણી શરૂ કરી દેવામાં આવી હોવાનું પણ તંત્રના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.

ધીમા પગલે ઉનાળાનું આગમન

અચાનક જ ઋતુ બદલાઈ હોવાનો અહેસાસ : છેલ્લા પાંચ દિવસમાં તાપમાનમાં પાચથી છ ડિગ્રીનો વધારો

ગાંધીનગર, તા. ૧૩

ધીમે ધીમે પારો ઉંચકાવાની સાથે ઉનાળાનું આગમન થઈ રહ્યું છે. અચાનક જ જાણે કે ઠંડી ગુમ થઈ ગઈ હોય તેવો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીએ પહોંચતા પંખાની સ્પીડ વધવા માંડી છે.

ઉનાળાનો અહેસાસ અચાનક જ થવા મંડયો છે. છેલ્લા ચાર-પાંચ દિવસમાં જ પારો પાંચ થી છ ડિગ્રી જેટલો ઉંચકાયો છે. ધીમા પગલે ઉનાળાનું આગમન થઈ રહ્યું હોય તેવું સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે. સામાન્ય રીતે હોળી તાપ્યા બાદ ઠંડી ગાયબ થાય છે અને ઉનાળાનો પ્રારંભ થાય છે પરંતુ આ વર્ષે હમણાંથી જ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ૩૩ ડિગ્રીને આંબી ગયો છે. જેના કારણે હવે લોકોને સ્વેટર, શાલ, મફલરને બદલે પંખા અને એ.સી.ની જરૂરિયાતો ઉભી થવા લાગી છે. આ વર્ષે ઠંડીનો પ્રારંભ ઘણો મોડો થયો હતો પરંતુ સતત એક માસ સુધી ગાત્રો થીજવી દેતી ઠંડીનો અનુભવ શહેરીજનોએ કર્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી તો ડબલ ઋતુનો અહેસાસ શહેરીજનો કરી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

અંબોડ ખાતે મેગા અશ્વ શો

ભારતભરમાંથી ૭૦૦થી વધારે જુદા જુદા જાતના અશ્વો જોડાશે : કાઠિયાવાડી અને મારવાડી જાતના ઘોડા-ઘોડી મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-મ્હુડી રોડ પર આવેલ અંબોડ ગામે નદીના પટમાં ઈકવેસ્ટ્રીયન ફેડરશન ઓફ ઈન્ડિયા ગુજરાત સરકાર-પશુપાલન ખાતું ગુજરાત અને મહાકાળી મેળા સમિતિ ગુજરાતના સહયોગથી મેજર હોર્ષ રેસીંગ ફેસ્ટીવલ અને પશુ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અશ્વ શાં તા. ૧૫ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩ દરમિયાન યોજાશે. જેમાં ગુજરાત ઉપરાંત વિવિધ પ્રદેશોમાંથી કાઠિયાવાડી, રજવાડી, સિંધી, કચ્છી, મહારાષ્ટ્રીય સહિતના ૭૦૦થી વધારે જાતવાન અશ્વો ભાગ લેશે.

ગાંધીનગર જિલ્લાના અંબોડ ગામે નદીના પટમાં આગામી તા. ૧૫ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩ દરમિયાન ઈએફઆઈ, ગુજરાત સરકાર તેમજ પશુપાલન ખાતુ ગુજરાત સરકારના સહયોગ નીતિ-નિયમો હેઠળ અશ્વ શાં અને પશુ મેળો યોજાશે. આ શાં માં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર ભારત સહિતના રાજયોમાંથી ૭૦૦થી વધારે અશ્વો આ સ્પર્ધામાં ભાગ લેશે. જેમાં ૧૦, ૨૦, ૪૦, ૬૦ અને ૧૨૦ કિમી ના લાંબા અંતરની દોડ યોજાશે. સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા થનાર અશ્વોને ૧૫, ૧૦ અને ૫ હજારનું ઈનામ આપવામાં આવશે.

આ અશ્વ શાં દરમિયાન જર્મની અને બ્રિટનથી ખાસ બે ટાઈમ કીપર પણ હાજર રહેશે. ઉપરાંત શાંની સાથે સાથે ઘોડા, ગાય, ભેંસ તથા અન્ય દૂધાળા પ્રાણીઓની અહીં સરળતાથી લે-વેચ માટે મેળો પણ યોજાશે. તેમજ વિવિધ જાતની રમત-ગમતો તથા ખાણી પીણીની ઉત્કૃષ્ઠ વ્યવસ્થા કરવામાં આવી છે. તા. ૨૨, ૨૩ અને ૨૪ દરમિયાન યોજાનાર અશ્વ શાંમાં ઘોડા-ઘોડી અને વછેરા અને વછેરીઓની સ્પર્ધાઓ પણ યોજાશે. આ મેગા અશ્વ શાંનું આ સુંદર આયોજન વિરેન્દ્ર કાંકરિયા, રિષુદમનસિંહ વાઘેલા, અનીશ ગજજર, લોકેન ખારાવાલા અને પ્રકાશ બારોટ કરી રહ્યા છે.

એક થી દોઢ લાખના અશ્વ મળશે

ગાંધીનગર જિલ્લાના અંબોડ ગામે દ્વિતીય અશ્વ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત સહિત અન્ય રાજયોના જાતવાન અશ્વો ભાગ લેશે. હાલ ગુજરાતમાં કાઠિયાવાડી, રજવાડી અને સિંધી અશ્વો જોવા મળી રહ્યા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રના અશ્વો દ્વારા બિડીંગ પણ હાથ ધરવામાં આવશે. આ મેળામાં ૧ લાખથી ૩૦ લાખ રૂપિયા સુધીના અશ્વો જોવા મળશે. મેળામાં અશ્વોની ખરીદ-વેચાણ પ્રક્રિયા પણ હાથ ધરાશે.

અંબોડ ખાતે દર પૂનમે પશુમેળો યોજાશે

જિલ્લાના અંબોડ ગામે તા. ૧૫ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન અશ્વ શાં અંતર્ગત આયોજકો દ્વારા ખેડૂતોને ફાયદો થાય તે માટે દુધાળા પશુ મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગીર કાંકરેજની ગાયો, બન્ની ભેંસ, મહેસાણી ગાય-ભેંસ સહિત રાજયના અન્ય જિલ્લાના વખણાતા દુધાળા પશુઓના માલિકો પણ આ મેળામાં જોડાશે. આ મેળા દરમિયાન પશુપાલકોને પોતાના દુધાળા પશુઓની પૂરી કિંમત મળે તેમજ લેનાર વ્યકિતને પૂરતા પ્રમાણમાં દુધાળા પશુઓ એક જગ્યાએ સાથે જોઈ ચકાસી ખરીદવા મળશે તેમજ આ પશુ મેળો અંબોડ ગામે દર પૂનમના દિવસે ભરાશે.

વિદેશી મહેમાનો પણ આવશે

અંબોડ ગામે યોજાનાર આ મેગા અશ્વ શાંને નિહાળવા માટે વિવિધ રાજયો ઉપરાંત દેશ વિદેશના અશ્વ પ્રેમીઓ પણ ગાંધીનગરના આંગણે પધારશે. જર્મની, ફ્રાન્સ, રશિયા, અમેરિકા, બ્રિટેન વગેરે દેશમાંથી વિદેશીઓ સતત ૧૦ દિવસ અહીં રોકાણ કરશે.

જ્યોતિષ
9925384314

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેકટ્રોનીકસ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

વેલેન્ટાઈન ડે અને વસંત પંચમીના સમન્વય વચ્ચે વેડીંગ ફીવર છવાયો

શહેરમાં લગ્નમહોત્સવોનો દબદબો એસ.ટી. તંત્રએ ૮૬ બસો લગ્નવર્ધિ માટે ફાળવી

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં વેલેન્ટાઈન ડે અને વસંતપંચમીના અનોખા સમન્વય વચ્ચે લગ્નસરાની મૌશમ નિખરી છે. પ્રેમના પ્રતિક સમા વેલેન્ટાઈન ડે ના રોજ પણ ૩૦૦થી વધુ લગ્નો થવાના છે. જ્યારે વણજોયા મુહૂર્ત માટે ઉત્તમ મનાતા વસંતપંચમીના દિવસે પણ વિશેષરૂપે લગ્નોત્સવ યોજવામાં આવનાર છે. બે દિવસ દરમિયાન એસ.ટી. ડેપો દ્વારા પણ ૮૬ જેટલી બસો લગ્નવર્ધિ માટે ફાળવવામાં આવી છે.

વિદાય લેતા આકરા શિયાળા વચ્ચે વાતાવરણમાં ધીમે-ધીમે ગરમીનો પારો ઉંચો વધતા મૌશમનો મિજાજ બદલાયો છે. ત્યારે શહેરમાં લગ્નસરાની સીઝન પરાકાષ્ઠાએ પહોંચી છે. ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે ની ઉજવણી પણ પ્રેમના પર્વ રૂપે કરવામાં આવે છે. જ્યારે એકબીજાને માટે પ્રેમની અભિવ્યક્તિ કરવાના આ દિવસે પણ પ્રેમના અતૂટ બંધને જોડાવાનું મુહૂર્ત કાઢી લેવાયું છે. ગાંધીનગરમાં પ્રેમના પ્રતિક સમા વેલેન્ટાઈ ડે ના રોજ યોજાનારા લગ્નમહોત્સવની સંખ્યા વિશેષ છે. વસંતપંચમી અને વેલેન્ટાઈન ડે ના અનોખા સમન્વય વચ્ચે વેડીંગ ફીવર છવાયેલો છે. શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ ઠેર-ઠેર ભવ્ય. લગ્નમંડપો જોવા મળે છે. રાત્રિના આતશબાજી અને ગરબાપાર્ટીની આયોજન વચ્ચે લગ્નમહોત્સવમાં દિવાળી અને નવરાત્રી જેવી રોનક જોવા મળે છે. ફાર્મહાઉસ અને લગ્નવાડીઓ પણ પેક છે. વેલેન્ટાઈન ડે બાદ વસંતપંચમીના રોજ પણ વણજોયુ મુહૂર્ત સારૂ હોવાથી આ દિવસે પણ વિશેષ લગ્નો યોજવાના છે. બેન્ડવાજા બારાતને લઈ એસ.ટી. તંત્રએ પણ લગ્નવર્ધિ માટે વિશેષ બસો ફાળવી છે. તા. ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી દરમિયાન ડેપોની ૮૬ બસો લગ્નવર્ધિમાં રોકાયેલી રહેશે.

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
VINAYAK 500
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિશાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com